સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષના અંદાજપત્રમાંથી
એપ્રિલ-જુન-૨૦૧૬ના માસ માટે આયોજન
બહાર હેઠળની ગ્રાન્ટ ફાળવવા બાબત.
માંગણી ક્રમાંક: ૬૭, ( આયોજન બહાર )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બિયુડી /૧૦૨૦૧૬/૮૨૧/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૮-૦૪-૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) નાણા વિભાગનો તારીખ : ૦૪-૦૪-૨૦૧૬ નો પરિપત્ર ક્રમાંક :
અપબ /૧૦૨૦૧૬ /૩૮૨ /ક
(૨) નાણા વિભાગનો તારીખ : ૭/૪/૨૦૧૬નાં ગ્રાન્ટ રીલીઝ ઓર્ડર :
અપબ/૧૦૨૦૧૬ /૩૮૨/ક

યાદી :-

આમુખમાં દર્શાવેલા નાણા વિભાગના તારીખ : ૦૪-૦૪-૨૦૧૬ ના પરિપત્રથી સને ૨૦૧૬-૧૭ ના વર્ષના અંદાજપત્રની જોગવાઈમાંથી માહે એપ્રિલ-૨૦૧૬ થી જુન-૨૦૧૬ની માંગણી ક્રમાંક : ૬૭, મુખ્ય સદર – ૨૨૧૫ હેઠળની ગ્રાન્ટ રૂ.૨૬૬૦.૫૦/- લાખ (અંકે રૂપિયા છવીસ કરોડ સાઈઠ લાખ અને પચાસ હજાર પુરા) ની ગ્રાન્ટ નીચે જણાવેલ સદરોએ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને ખર્ચ કરવા ફાળવણી કરવા ઉપાડ અને વહેચણી અધિકારી શ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

( રૂપિયા લાખમાં )

| અ. નું | વિગતવાર સદર | એપ્રિલ-૨૦૧૬ થી જુન-૨૦૧૬ માટે<br>આયોજન બહાર | રકમ શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | **માંગણી ક્રમાંક - ૬૭ (આયોજન બહાર)** | | |
| ૧ | મુખ્ય સદર - ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૦૦૧ નિર્દેશ અને વહીવટ<br>પેટા સદર - ૦૧ ડબલ્યુ. એસ.એસ.-૧૯ ગુજરાત રાજ્ય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન<br>હેડ ચાર્જેબલ – ૨૨૧૫ ૦૧ ૦૦૧ ૦૧ | ૧૦૦૦/- | અંકે રૂપિયા દસ કરોડ પુરા |
| ૨ | ગૌણ સદર - ૦૦૫ મોજણી અને તપાસ<br>પેટા સદર - ૦૧ ડબલ્યુ. એસ.એસ.-૧ જાહેર આરોગ્યના કામ માટે મોજણી ખર્ચ<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન<br>હેડ ચાર્જેબલ – ૨૨૧૫ ૦૧ ૦૦૫ ૦૧ | ૫.૫૦ | અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા |
| ૩ | ગૌણ સદર - ૮૦૦ અન્ય ખર્ચ<br>પેટા સદર - ૦૧ નિભાવ અને મરામત<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૨૭૦૦ નાના કામ<br>હેડ ચાર્જેબલ - ૨૨૧૫ ૦૧ ૮૦૦ ૦૧ | ૧૬૫૦/- | અંકે રૂપિયા સોળ કરોડ પચાસ લાખ પુરા |
| ૪ | પેટા સદર - ૦૬ યંત્ર સામગ્રી અને સાધન સામગ્રી<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન<br>હેડ ચાર્જેબલ - ૨૨૧૫ ૦૧ ૮૦૦ ૦૬ | ૫/- | અંકે રૂપિયા પાંચ લાખ પુરા |
| | **સરવાળો - ૨૨૧૫** | ૨૬૬૦.૫૦ | |

શરતો :-

1. સને ૨૦૧૬-૧૭ નાં વર્ષમાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. આ રકમમાંથી પગાર અને ભથ્થાના એરીયર્સની ચુકવણી કરી શકાશે.

3. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
4. સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારી શ્રીને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. નાણા વિભાગના તા.૦૪-૦૪-૨૦૧૬ના પરિપત્રની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિપત્રમાં જણાવ્યા મુજબ આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કોઈપણ રકમ પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ર.કૃ. શકારણ

સેક્શન અધિકારી

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

1. ખાસ ફરજ પરના અધિકારીશ્રી(પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
3. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ
5. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

**નકલ રવાના પ્રતિ,**

1. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
2. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
3. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
4. નાયબ સેક્શન અધિકારી
5. પસંદગી ફાઈલ.